ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધિન

U63999GJ225OPC159228


# જેની એક્સપ્રેસ

લોકપ્રશ્નોને વાંચા આપતું સોશ્યલ મીડીયા ન્યુઝપેપર (OPC) PRIVATE LIMITED ન્યૂઝ

■ તંત્રીઃ સૌરભ નંદી M:7201997092 ■ ~~મેનેજીંગ તંત્રી : એજાજ શેખ~~ M: 966205235 ■ ઈ મેઈલ : jeenyexpressnews@gmail.com

ઓફિસ ઈડરેશઃ નાગરવાડા અંબા માતા મંદિર ની સામે વડોદરા | તારીખ : 26/11/2025 બુધવાર

## PM મોદીએ રામ મંદિરના શિખર પર અમદાવાદમાં બનેલી ધજા ચડાવી:22 ફૂટ લાંબી ધજા પર કલ્પવૃક્ષ-સૂર્ય અને ઓમનું પ્રતીક, 10 કારીગરે 25 દિવસમાં કરી તૈયાર



આજે પીએમ મોદીના હસ્તે પ્રથમવાર 191 ફૂટ ઊંચા મુખ્ય શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું. આ ધજા અમદાવાદમાં બનાવવામાં આવી છે. 11 ફૂટ પહોળી અને 22 ફૂટ લાંબી ધજા બનાવવાનું કામ શ્રી અંબિકા એન્જિનિયરિંગ વર્કસ દ્વારા કરવામાં આવ્યું છે. આ ધજા તૈયાર કરવા માટે રામ મંદિર ટ્રસ્ટ તરફથી જ કેવા પ્રકારની ધજા બનાવવાની છે એની ડિઝાઈન આપવામાં આવી હતી. ત્યાર બાદ 10 કારીગરોએ 25 દિવસમાં તૈયાર કરી દીધી છે.

આ ઐતિહાસિક ક્ષણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, છજ્જના વડા મોહન ભાગવત અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત આમંત્રિત મહેમાનો હાજર રહ્યા. ધજાની બંને બાજુ રામ ભગવાનના પ્રતીક એવા કલ્પવૃક્ષ, સૂર્યનારાયણ ભગવાન અને ઓમ બનાવવામાં આવ્યા છે. આ તમામ પ્રતીકો રામ મંદિર તરફથી આપવામાં આવેલી ડિઝાઈનને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યાં છે. ધજા માટે થ્રી-લેયર મટીરિયલનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જોકે ગર્વની એ પણ વાત છે કે ધજા બનાવનાર પરિવારને રામ મંદિરમાં યજમાન તરીકે પ્રતિષ્ઠામાં બેસાડવામાં આવ્યા છે.શ્રી અંબિકા એન્જિનિયરિંગને માત્ર ધજા જ નહીં, પરંતુ અગાઉ રામ મંદિર માટે અનેક વસ્તુઓ બનાવવા માટેનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. રામ મંદિર માટે ધ્વજ દંડ પણ અમદાવાદમાં જ તૈયાર કરવામાં આવ્યો છે, જેની સાઈઝ 42 ફૂટ અને 5100 કિલો વજન છે. એ પણ અમદાવાદમાં તૈયાર કરીને અયોધ્યા મોકલવામાં આવ્યો છે. એની સાથે સાથે રામ મંદિરમાં દાનપેટી, હૂંડી ભંડાર, ભગવાનના આભૂષણ મૂકવા માટે પિત્તળના કબાટ આ તમામ વસ્તુ તૈયાર કરી છે. રામ મંદિર માટે ધજા બનાવનાર શ્રી અંબિકા એન્જિનિયરિંગ વર્કસના માલિક કશ્યપ મેવાડાએ જણાવ્યું હતું કે આ ધજામાં રેશ્મી સાટીન અને ઉપર રામ ભગવાનનાં પ્રતીક રાખવામાં આવ્યાં છે, જેમાં કલ્પવૃક્ષ, સૂર્યનારાયણ ભગવાન અને ૐ ધ્વજની બંને સાઈડ તૈયાર કરવામાં આવ્યાં છે. ધજા બનાવવા માટે 8થી 10 કારીગરોએ 25 જેટલા દિવસ કામે લાગ્યા હતા. ધ્વજા માટેનો ઓર્ડર ટ્રસ્ટ તરફથી મળ્યો હતો. ધ્વજ દંડ પણ અને આજુબાજુના પરકોટા ધ્વજદંડ 6 નંગ પણ અમે બનાવીને મોકલ્યા છે. દાનપેટી, હૂંડી ભંડાર, ભગવાનના આભૂષણ મૂકવા માટે પિત્તળનો કબાટ, દરવાજાના હાર્ડવેર, મંદિરના કડા સહિતની તમામ વસ્તુઓ અમદાવાદમાં બનાવીને મોકલવામાં આવી છે. કશ્યપ મેવાડા વધુમાં જણાવે છે કે છેલ્લા દોઢ બે વર્ષથી રામ મંદિરમાં ઓર્ડર માટે કામ કરીએ છીએ. છેલ્લાં 80 વર્ષથી તમામ મોટા મંદિરમાં ધ્વજા બનાવીને મોકલીએ છીએ. શાસ્ત્રોના આધારે કારીગરોએ ધ્વજા તૈયાર કરી છે. અમદાવાદમાં બનેલી ધજા પીએમ મોદીના હસ્તે ચડાવવામાં આવશે, એ સૌ માટે ખૂબ ગર્વની વાત છે, સાથે સાથે અમારા માટે બીજી પણ ગર્વની વાત એ છે કે મારાં માતા-પિતાને યજમાન તરીકે હવનમાં બેસાડવામાં આવ્યા છે. આ ઐતિહાસિક કાર્યક્રમ માટેનું 'અભિજિતનું સૂક્ષ્મ મુહૂર્ત' ગુજરાતના 22 વર્ષીય યુવા જ્યોતિષી વિશ્વ વોરાએ નક્કી કર્યું છે, જે માત્ર 12 મિનિટનું છે અને ધ્વજારોહણ વિધિ માટે અત્યંત શુભ માનવામાં આવે છે. વિશ્વ વોરાએ આ મુહૂર્તની પસંદગી પાછળના મહત્ત્વ, ધ્વજારોહણની વિધિ અને ધજાની વિશેષતા વિશે વિગતવાર માહિતી આપી હતી. આ ધ્વજારોહણ 22 જાન્યુઆરી, 2024ના રોજ થયેલી રામ લલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠા અને 5 જૂનના રોજ થયેલી રામ દરબારની પ્રતિષ્ઠા પછી મંદિરના નિર્માણની પૂર્ણાહુતિનું પ્રતીક બનશે.

## એટીએસના નામે ધમકી બાદ ખેડૂતના આપઘાત કેસમાં આખરે ગુનો નોંધાયો

ડભોઈ તાલુકાના કાયાવરોહણ ગામે ખેડૂત અતુલભાઈ હિરાભાઈ પટેલને ડિજિટલ એરેસ્ટ બાદ આત્મહત્યાના ગંભીર કેસમાં પોલીસે આખરે ગુનો નોંધીને કાર્યવાહી શરૂ કરી છે.

ખેડૂતને એટીએસ અધિકારીના નામે વારંવાર ધમકી આપી બ્લેકમેલિંગ તથા માનસિક ત્રાસ ગુજારી તેમને આપઘાત માટે મુજબુર કરાયા હતા. ત્યારબાદ ખેડૂત દ્વારા ઝેરી દવા પીને આપઘાત કરી લેવાયો હતો. ભાસ્કરના અહેવાલ બાદ ડભોઈ પોલીસે આપઘાતના અઠવાડિયા પછી આપઘાત અંગે દુષ્પ્રેરણા, ધમકી, છેતરપિંડી તથા આઈટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. ડભોઈ કાયાવરોહણમાં રહેતા અતુલભાઈ હિરાભાઈ પટેલે તા.17 નવેમ્બરે આપઘાત કર્યો હતો.

ફરિયાદ મુજબ તા.16 નવેમ્બરે અજાણ્યા ઈસમ દ્વારા પોતે એ.ટી.એસમાંથી હોવાનું કહી વારંવાર અતુલભાઈને ફોન કરી ધમકી આપી હતી. ભત્રિજા અંશ પટેલ મુજબ તેને અતુલભાઈને તા.16 નવેમ્બરે કોઈની સાથે રૂ.40 કરોડનું ફ્રોડની વાતચીત કરતા સાંભળ્યા હતા. અતુલભાઈએ અંશને કહ્યું હતું કે, કોઈ એટીએસના અધિકારી હોવાની ઓળખ આપી વારંવાર વીડિયોકોલ કરે છે. કોઈ બીજાએ તમારા નંબરેથી ફ્રોડ કર્યો છે, તેમ જણાવે છે.

કાકાએ સવારે પતિ જશે અને કોઈને કહિશ નહીં તેમ કહ્યું હતું. કાકા મિત્રો સાથે બેસવા ગયા હતા અને ત્યાં પણ મિત્રોએ કેમ બેચેન રહો છો? તેમ પૂછ્યું હતું. પરંતુ તેમને કશું કહ્યું નહોતું. ત્યારે બીજા દિવસે તેમને આપઘાત કરી લીધો હતો. મોત બાદ તેમના પરિવારજનોએ અતુલભાઈને એટીએસ અધિકારીના નામે ધમકાવી ડિજિટલ એરેસ્ટ કરાયા હોવાના આક્ષેપ કર્યા હતા. પોલીસ ઘટના અંગે તપાસ કરી રહી છે.

## તાંદલજામાં પતિની હત્યાની ઘટનાનું રિકન્સ્ટ્રક્શનઃ ગુલબાનુને 3 દિવસના રિમાન્ડ,પ્રેમીની તપાસ શરૂ



તાંદલજામાં પત્નીએ પ્રેમી તથા તેના મામા સાથે મળીને પતિની હત્યા કરી દીધી હતી. ત્યારે જે.પી રોડ પોલીસે મહિલાની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. મંગળવારે પોલીસ દ્વારા એફએસએલ સહિતને સાથે રાખી ઘટનાનું રિકંસ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. મહિલાએ તેના પતિની કેવી રીતે હત્યા કરી, તે પોલીસ સમક્ષ નિદર્શન કર્યું હતું.

તાંદલજા ગામમાં રહેતા ઈર્શાદ કરીમ બંજારાની પત્ની ગુલબાનુની પૂછપરછમાં હત્યાનો ઘટસ્ફોટ થયો હતો. ગુલબાનુનો મુંબઈના મોહમદ તોસીફ સાથે પ્રમસબંધ હતો. જ્યારે તે તોસીફ સાથે જતી રહેવા માગતી હતી. તા.18એ તોસીફ અકોટા મીલન હોટલમાં આવ્યો હતો, જ્યાં તેને ગુલબાનુને બોલાવી ઉંઘની ગોળી આપી હતી અને તેમને હત્યાનું પ્લાનિંગ કર્યું હતું.

પોલીસે ગુલબાનુને કોર્ટમાં રજૂ કરી આરોપીઓને પકડવા જરૂરી માહિતી લેવા, રિકંસ્ટ્રક્શન, કોલ ડિટેઈલની તપાસ કરવા સહિત વિગતો જણાવી હતી. જેને ધ્યાને લઈ

તોસીફ હત્યા બાદ ગુલબાનુ તથા છોકરાઓને પાસે બોલાવા ટિકિટ મોકલવાનો હતો, જોકે તે પહેલાં ભેદ ઉકેલાયો તોસીફ અકોટાની હોટલમાં ગુલબાનુને મળ્યો હતો. જ્યાં તેણે ગુલબાનુને જણાવ્યું હતું કે, હત્યા બાદ બધુ શાંત પડી જાય, હું તને ટિકિટ મોકલી દઈશ. તું બાળકોને સાથે લઈને આવી જજે. જોકે ગુલબાનુ ભાગી જાય તે પહેલાં જ હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો હતો. પોલીસ સુત્રો મુજબ તેઓ છ મહિનાથી વધુ સંપર્કમાં રહેવા લાગ્યા હતા અને ભાગી જવાનું આયોજન કર્યું હતું.

# વડોદરા રહેતા નિવૃત્ત ભૂસ્તરશાસ્ત્રી એક કરોડની અપ્રમાણસર મિલકતમાં ઝબ્બે

નવસારીમાં વર્ષ 1 જાન્યુઆરી, 2009થી 30 નવેમ્બર, 2018 દરમિયાન ખાણ ખનીજ વિભાગના વર્ગ-2 ના અધિકારી મદદનીશ ભૂસ્તર શાસ્ત્રી સંદીપ મધુકર ખોબકર સામે એન્ટીકરપ્શન બ્યુરોએ પોતાની કાયદેસરની કુલ આવક સામે 1,02,46,949 ની અપ્રમાણસર મિલકત તેઓએ આર્થિક ફાયદા માટે જાહેર સેવક તરીકે મળેલ

સત્તાનો દૂરઉપયોગ કરી ગેરકાયદે રીતે પોતે નાણા મેળવી સ્થાવર-જંગમ મિલકતોમાં રોકાણ કરી અપ્રમાણસર મિલકત વસાવી હોવાનું તપાસમાં બહાર આવતા કાયદેસરની આવકની સરખામણીમાં 62.13 ટકા જેટલી વધુની અપ્રમાણસર મિલકત વસાવી હોવાનું બહાર આવતા એસીબીની ટીમે તેમની ધરપકડ કરી છે. નવસારીના પૂર્વ ભૂસ્તર શાસ્ત્રી હાલ સંદીપ વડોદરાના માંજલપુર વિસ્તારમાં આમ્રપાલી સોસાયટીમાં રહે છે. હાલ તેઓ નિવૃત્ત છે. નવસારી એસીબી પીઆઇ બી.ડી. રાઠવાએ તેમની સામે ફરિયાદ નોંધાવી છે અને તેમની 24 નવેમ્બર, 2025 ના રોજ ધરપકડ કરી છે. સુરત શહેરના એસીબી પોલીસ ઇન્સ્પેક્ટર કે.જે.ધડુક કરી રહ્યા છે. જ્યારે તેનું સુપરવિઝન મદદનીશ નિયામક એસીબી અધિકારી આર.આર. ચૌધરી કરી રહ્યા છે.નવસારીમાં પૂર્વ ભૂસ્તર શાસ્ત્રી સંદીપ ખોબકર ફરજ પર હતા તે દરમિયાન અપ્રમાણસર મિલકત વસાવી હોવાનુ એસીબીની ટીમે કરેલ તપાસમાં ખુલવા પામ્યું હતું. જેને લઇ તેમની સામે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બી.એલ. સંતોષે જિલ્લા ભાજપ કાર્યાલય પર પાર્ટીના હોદેદારો સાથે બેઠક કરી, SIRની ચાલી રહેલી કામગીરીની ચર્ચા

વડોદરા જિલ્લાના વંદે કમલમ કાર્યલય ખાતે આજે રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીની ઉપસ્થિતિમાં જઇછ કામગીરીને લઈ મહત્વની બેઠક મળી રહી છે. આ બેઠકમાં મધ્ય ગુજરાતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સંગઠનના હોદેદારો બેઠકમાં ઉપસ્થિત રહ્યા છે. આ બેઠક રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી. એલ. સંતોષ, રાજ્ય સંગઠન મંત્રીની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ રહી છે. આ બેઠકમાં બેઠકમાં તમામ સાંસદ, ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખો, વડોદરા પાલિકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં ધારાસભ્યો, જિલ્લા અધ્યક્ષ, પ્રભારી સહિતના નેતાઓ હાજર રહ્યા

આ અંગે ભાજપના નેતા ભરત ડાંગરે જણાવ્યું હતું કે, આજે મધ્ય ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના દરેકે દરેક જિલ્લાના અધ્યક્ષ, પ્રભારી, સાંસદો, ધારાસભ્યો, જઇછ કામગીરીના જિલ્લાના ઈનચાર્જ સહિત વિધાનસભાના પ્રભારીઓ સાથેની બેઠક અમારા રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષની અધ્યક્ષતામાં યોજાઈ રહી છે.વધુમાં જણાવ્યું હતું કે, મધ્ય ગુજરાતના અલગ અલગ જિલ્લામાં અલગ અલગ વિધાનસભામાં આવેલ બુથ પર જઇછ કામગીરી ચાલી રહી છે તે અંગે આ મહત્વની બેઠક છે.

# કલ્યાણનગરમાં ફાળવણી વિનાના 106 ઘરમાં ઘૂસણખોરી, લોકોને સામાન સાથે બહાર કઢાયા



પાલિકાએ કલ્યાણનગરમાં બનાવેલા એફોર્ડેબલ હાઉસીંગના ઇડબ્યુએસના ડ્રો થયા વિનાના કે ફાળવાયા વિનાના આવાસમાં લોકો ઘૂસી ગયાનું બહાર આવ્યું હતું. પાલિકાને જાણ થતાં દબાણ શાખાની મદદથી 106 મકાનોમાંથી ઘૂસી ગયેલા લોકોને સમાન સાથે બહાર કઢાયા હતા. તમામ મકાનોને તાળા મારી નોટીસ લગાવી હતી. ઘણાં ફ્લેટ્સમાં તો લોકોએ પોતાનો સામન મૂકી દીધો હતો.

સ્થાનિકોની ફરીયાદના આધારે ટીમે 106 મકાનોમાં ચેકીંગ કરતાં લોકો પરિવાર સાથે ઘૂસી ગયા હોવાનું મળ્યું હતું. પાલિકાના અધિકારીઓએ તેઓનો સામાન બહાર કઢાવી ઘર ખાલી કરાવ્યું હતું. ઘણા ઘરોમાં ટીવી, ફ્રીજ, પંખા, ગાદલા, પલંગ સહિતનો સામાન હતો. જ્યારે એફોર્ડેબલ હાઉસીંગ વિભાગે નોટીસ મારી હતી કે, કોઇ પણ ગેરકાયદેસર પ્રવેશ કરશે તો કાયદેસરની કાર્યવાહી થશે. કલ્યાણનગરમાં વર્ષો પહેલા આ આવાસ યોજના તૈયાર થઇ હતી.

ઉલ્લેખનિય છે કે, ઇડબ્યુએસના જે મકાનોમાં લોકો ઘૂસી ગયા હતા તેનો ડ્રો સુદ્ધાં હજુ થયો નથી. જેને પગલે લોકોને ઘૂસણખોરીનો છૂટો દોર મળ્યો હતો. જો કે લાભાર્થીઓએ રૂપિયા ન ભરતાં ડ્રો કરવામાં વિલંબ થયો હોવાનું જાણવા મળ્યું છે.

આવાસો બનાવી દિધા પછી જે જગ્યાએ મકાનો વેચાઇ રહ્યા ન હોય તેવી જગ્યાઓ પર મેઇન્ટન્સ ઠીક ત્યાં કોઇ પણ પ્રકારનું મોનીટરીંગ કરવામાં આવી રહ્યું નથી. જેના પગલે ગેરકાયેદેસર રહેતા લોકોને છૂટો દૌર મળી જાય છે. આવાસ યોજના બની ગયા પછી કોઇ સીક્યોરીટી વ્યવસ્થા પણ યોગ્ય હોતી નથી. કલ્યાણનગરના ઇડબ્યુએસના જે મકાનોમાં ગેરકાયદેસર રીતે લોકોએ પ્રવેશ લીધો હતો અથવા તો સમાન મૂક્યો હતો તેની સામે પોલીસ ફરીયાદ કરવાની પણ તસ્દી તંત્રએ લીધી ન હતી.

કોઇ મિલકતમાં અનધિકૃત પ્રવેશ કરે તો 3 માસથી ત્રણ વર્ષ સુધીની કેદ-દંડ થઈ શકે

- કલમ 441 (બીએનએસ 329) ગુનાઇત અનધિકૃત પ્રવેશઅન્યની મિલકતમાં બદઈરાદાથી પ્રવેશને અનધિકૃત કહેવાય ત્રણ માસ કેદ કે 500 સુધી દંડ કે બંને
- કલમ 448 (બીએનએસ 329) અનધિકૃત ગૃહપ્રવેશ એક વર્ષ સુધીની કેદ કે એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને
- કલમ 453 ગુપ્ત અનધિકૃત ગૃહપ્રવેશ અથવા ઘરફોડ ત્રણ વર્ષ સુધીની કેદ તથા દંડ, ચોરીમાં દસ વર્ષ સુધીની કેદ
- લમ 457- રાત્રે ગુપ્ત અનધિકૃત ગૃહપ્રવેશ કે ઘરફોડ આ ગુનામાં જે તે વ્યક્તિને દંડ તથા ગુનો ચોરીનો હોય તો 14 વર્ષ સુધીની કેદ. (ભૌમિક શાહ, ધારાશાસ્ત્રી)3 કલમ 453 ગુપ્ત અનધિકૃત ગૃહપ્રવેશ અથવા ઘરફોડ ત્રણ વર્ષ સુધીની કેદ તથા દંડ, ચોરીમાં દસ વર્ષ સુધીની કેદ

# 'BLO પર દયા કરો', AAP કાર્યકરે પીઠ પર સાંકળ મારી: મોદીજીને ભગવાન માનીએ છીએ, BLOનું કામ સરળ બનાવો; મૃતકોના પરિવારને એક કરોડની સહાય અને ગવર્મેન્ટ નોકરીની માગ કરી




વડોદરામાં ઇકધના સમર્થમાં આમ આદમી પાર્ટીના કાર્યકર દ્વારા અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો. હાલમાં ચાલી રહેલી કામગીરીમાં BLOને પડતી મુશ્કેલીઓને ઉજાગર કરવા અને સરકાર સુધી પહોંચાડવા પોતાના શરીર પર જાહેર માર્ગ પર સાંકળથી પ્રહાર કરી વિરોધ દર્શાવ્યો હતો. સાથે વડોદરામાં મૃતક ઇકધના સહાયક પરિવારને એક કરોડની સહાય અને પરિવારના એક સભ્યને ગવર્મેન્ટ નોકરીની માગ કરી હતી. શહેરના માંજલપુર વિસ્તારના અને આમ આદમી પાર્ટીના કાર્યકર વિનોદ શાહે જણાવ્યું હતું કે, આજે ઇકધના સમર્થમાં અમે ઉતર્યા છે. કારણ કે ગુજરાતમાં છેલ્લા ચાર દિવસમાં ચાર ઇકધના મૃત્યુ થયા છે. આખા દેશમાં 19 દિવસમાં 16 ઇકધના મૃત્યુ થયા અને આજે 25થી 30 ઇકધ જેમને હૃદય રોગનો હુમલો આવ્યો તેઓ સારવાર હેઠળ છે. વધુમાં કહ્યું કે, અમારા ભગવાન એવા મોદીજી, આજે આમ આદમી પાર્ટી અમે મોદીજીને ભગવાન માનીએ છીએ અને એવા ભગવાન શ્રી શ્રી 108 મોદીજીને નમ્ર અપીલ છે કે તમે ઇકધ ની કામગીરી સરળ બનાવો. જેથી ઇકધ ઉપર શારીરિક, માનસિક કોઈ ભારણ ના આવે અને જેનાથી લોકોને હૃદય રોગના હુમલા ના થાય. કારણ કે આ પ્રક્રિયા એટલી અટપટી છે, જેના લીધે મતદાન મથકોમાં, બુથ મથકોમાં વોટરો અને ઇકધ વચ્ચે ખૂબ જ ઉગ્ર બોલાચાલી થવાથી તેમના બી.પી વધી જાય છે અને બીપી વધી જવાથી તેમને હૃદય રોગનો હુમલો થાય છે. વધુમાં કહ્યું કે, આજે મેં મારી પીઠ ઉપર સાંકળ મારી અને જે 16 મૃતકો છે તેઓની આત્માને શાંતિ મળે તે અર્થે શ્રદ્ધાંજલિ આપી કે તેમના આત્માને શાંતિ મળે અને આગળ કોઈનું અપમૃત્યુ ના થાય. કોઈ પણ ઇકધનું ગુજરાતમાં તો શું આખા દેશમાં અપમૃત્યુ ના થાય, હૃદય રોગનો હુમલો ના આવે, તો એના માટે અમારી ભગવાનને પ્રાર્થના છે કે હવે પછી કોઈ ઇકધ નું અપમૃત્યુ ના થાય. એવી આમ આદમી પાર્ટીની આ માંગણી છે અને સરકાર અમારી માંગણી પૂરી કરે એવી મારી વિનંતી છે. જો સરકાર આમાં ગંભીર બનીને જઇછની પ્રક્રિયા સરળ નહીં બનાવે તો આગળ જતા આમ આદમી પાર્ટીને આનાથી પણ ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

# સાયબર સ્લેવરી ગેંગનો પર્દાફાશ:મુખ્ય સૂત્રધાર નિલ પુરોહિતની સબ એજન્ટ તરીકે કાર્યરત પાયલ ચૌહાણની ધરપકડ, વિદેશમાં નોકરીની લાલચ આપી લોકોને ફસાવતા



ગુજરાતમાં ઝડપથી વધી રહેલા સાયબર સ્લેવરી ગેંગ સામે સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ, ઈઈઉ ક્રાઈમ દ્વારા મોટા પાયે કાર્યવાહી કરવામાં આવી છે. વડોદરાની પાયલ પ્રદીપસિંહ ચૌહાણને ધરપકડ કરી છે. જે સાયબર સ્લેવરીના મુખ્ય સુત્રધાર નિલ પુરોહિતની સબ એજન્ટ તરીકે કાર્યરત હતી.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના જ્જ વિવેક ભેડાએ જણાવ્યા મુજબ આ ગેંગ યુવાનોને વિદેશમાં ઊંચા પગારની નોકરીની લાલચ આપીને ફસાવતી હતી અને બાદમાં તેમને ગેમિંગ અને ઓનલાઈન ફ્રોડ ઓપરેશનમાં મજબૂર કરવામાં આવતા હતા.

આરોપી પાયલ ચૌહાણ દરેક યુવક પાસેથી ₹3 લાખ સુધી કમિશન લેતી હતી. યુવાનોનો સોશિયલ મીડિયા મારફતે સંપર્ક કરતી હતી. યુવક-યુવતીઓને દર મહિને 1 લાખ રૂપિયાનો પગાર આપવાની લાલચ આપી ફસાવવામાં આવતા હતા. અત્યાર સુધીમાં ગુજરાતના 3 યુવકો આ ગેંગનો શિકાર બન્યા હોવાનું સામે આવ્યું છે. હાલ ત્રણેય યુવકો સુરક્ષિત રીતે ભારત પરત ફરી ચૂક્યા છે. આરોપીઓના નેપાળ-પાકિસ્તાન કનેકશનની હાલ તપાસ ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ આ સમગ્ર રેકેટનો મુખ્ય સુત્રધાર નિલ પુરોહિત છે, જે અનેક એજન્ટો મારફતે ગેરકાયદેસર રીતે રેક્રૂટમેન્ટ અને સાઈબર ફ્રોડનું રેકેટ ચલાવતો હતો.

પાયલ ચૌહાણે પારુલ યુનિવર્સી ટીમાંથી ડિપ્લોમા એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. આ શિક્ષણનો ઉપયોગ તે વિશ્વાસ જીતવા અને ટેકનિકલ રીતે સિસ્ટમ હેન્ડલ કરવા માટે કરતી હતી.

# રિકવરીના નામે દાદાગીરી,લોન ધારકોને રોડ પર રોકી ઉઘરાણી







વાહનની લોન રિકવરી માટે એજન્ટો, સીઝરોની દાદાગીરી ફરી શરૂ થઈ છે. સીઝરો લોન ધારકના ઘરે જઈ કે રસ્તા પર પસાર થતાં, વાહનો જપ્ત કરવાના બહાને મોટી રકમ માગતા હોવાનું બહાર આવ્યું છે. પોલીસ પીડિતોને સહકાર આપતી ન હોવાનો આરોપ લાગી રહ્યો છે.

ગાજરાવાડીના ઉત્તમકુમાર જયસ્વાલના ફ્લેટના પાર્કિંગમાંથી સીઝરો કાર ઉઠાવી ગયા હતા. કાર માલિકે પાણીગેટ પોલીસમાં અરજી આપી ફરિયાદ કરવા માંગ કરી હતી. પરંતુ કોઈ કાર્યવાહી નહીં થઇ નહીં હોવાનો આરોપ તેમણે મૂક્યો છે અને પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરી છે.

તરસાલીના રવિન્દ્ર પટેલ બાઇક લઈને જીઆઈડીસી નોકરી પર જતા હતા ત્યારે જીઆઈડીસીના નાકે સીઝરોએ અટકાવી બાકી હપ્તા ભરવા દબાણ કર્યું હતું. નહીં આપે તો બાઇક જપ્ત કરીશું તેમ કહ્યું હતું. જોકે અન્ય લોકો આવી જતા સીઝરો ઉચ્ચક રકમ લઈ જતા રહ્યા હતાં. અગાઉ લોન રિકવરી એજન્ટ અને સીઝરોની દાદાગીરી અને ગુંડાગીરી અંગે ગૃહ મંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. ગૃહ વિભાગે પોલીસ મથકોને આવી પ્રવૃત્તિ અટકાવવા સૂચના આપી ત્યારે દાદાગીરી બંધ થઈ હતી. જોકે ફરી આ લોકો સક્રિય થયા છે. ક્રેડિટ કાર્ડનું પેમેન્ટ બાકી હોય, પર્સનલ લોનના હપ્તા બાકી હોય કે વાહનની લોનના હપ્તા બાકી હોય એવા લોકો ઉપર રિકવરી એજન્ટો અને સીઝરોની દાદાગીરી વધી છે. લોન ધારકના ઘરે કે ઓફિસે જઈ દાદાગીરી ઉપરાંત અસભ્ય વર્તન કરતા હોય છે.

લોન ધારકના ઘરમાં મહિલા સહિતના પરિવારજનો હાજર હોય છતાં અપશબ્દો બોલાય છે. વાહનો જપ્ત કરવામાં આવે છે. દિવાળી બાદ એક જ મહિનામાં સિઝરોએ બાઇક, કાર, રિક્ષા, ટેમ્પો, કાર સહિતના 50થી વધુ વાહનો માત્ર જપ્ત કર્યા છે. જોકે બદનામીના ડરથી પોલીસ ફરિયાદ માટે પીડિત જતા નથી, ફરિયાદ કરે તેનું પોલીસ સંભાળતી ન હોવાનો આરોપ લાગ્યો છે.

કિસ્સો - 1 : હપ્તા ભરતો છતાં પાર્કિંગમાંથી કાર ઉઠાવી ગયા

મેં ફ્લેટના ભોંયરામાં પાર્કિંગમાં કાર પાર્ક કરી હતી. આ કાર ચાલુ લોન સાથે હપ્તા ભરવાની શરતે ખરીદી હતી અને હપ્તા પણ ભરતો હતો. કોઈ વાર વહેલું મોડું થતું હતું. સીઝરો દ્વારા પાર્કિંગમાંથી મારી કાર ઉઠાવી જવામાં આવી હતી. જે સીસીટીવી કેમરામાં ઝડપાયું હતું. આ અંગે પોલીસને અરજી આપવામાં આવી છે. ઉત્તમભાઈ જયસ્વાલ, કાર માલિક

કિસ્સો - 2 : બાઈક રોકી જપ્ત કરી લેવાની ધમકીઓ આપી

દિવાળીમાં ખર્ચાને કારણે બેંકમાંથી લોન પર લીધેલી બાઇકના બે હપ્તા ચડી ગયા હતા. મેં બેંકમાં ભરી દેવા ખાતરી આપી હતી. છતાં રિકવરી એજન્ટો આવ્યા હતા. તેમને મેં બેન્કમાં રકમ ભરવા તૈયારી દર્શાવી હતી.છતાં બે દિવસ બાદ હું નોકરીએ જતો હતો ત્યારે જીઆઈડીસીના નાકે અટકાવી હપ્તો માંગ્યો હતો. નહીતો બાઇક જપ્ત કરવા ધમકી આપી હતી. અમુક રકમ આપી મેં છુટકારો લીધો હતો. રવિન્દ્ર પટેલ, તરસાલી

આ મામલે તપાસ કરીશું : પીઆઇ

ગાજરાવાડીમાંથી કાર ઉઠાવવાના મામલે પાણીગેટ પીઆઈ એ.બી.પટેલે જણાવ્યું કે, વાહન જપ્તીમાં ગેરરીતિ કે કાયદાનો ભંગ થયો હોય તો પોલીસ કાર્યવાહી કરે છે. ગાજરાવાડીનો મામલો ધ્યાને આવ્યો નથી. તપાસ કરીશ.

## પતિની હત્યા કરી લાશ જમીનમાં દાટી દેનાર પત્નીની ધરપકડ:

# આરોપી પ્રેમી અને તેના મામાને ઝડપી પાડવા વડોદરા પોલીસની બે ટીમ મુંબઈ રવાના થઈ



18 નવેમ્બરની રાત્રિના વડોદરા શહેરના તાંદલજા ગામના ચોતરાવાળા ફળિયામાં રહેતી પત્ની ગુલબાનુએ તેના મુંબઈમાં રહેતા પ્રમી મોહમ્મદ તૌસીફ અને તેના મામા મહેતાબે મળીને પતિ ઈર્શાદ બંજારા (ઉ.વ. 32)નું ઓશીકાથી મોઢું દબાવી દીધા બાદ માથું જમીન પર પછાડી હત્યા કરી હતી. આ હત્યા કેસમાં પોલીસે આરોપી પત્ની ગુલબાનુની ધરપકડ કરી છે. જ્યારે આરોપી પ્રેમી અને તેના મામાને ઝડપી પાડવા વડોદરા પોલીસની ટીમ મુંબઈ રવાના કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગુલબાનુ મુંબઈમાં રહેતા મોહમ્મદ તૌસીફ સાથે લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો. પતિ ઈર્શાદ આ સંબંધમાં આડો આવતો હોવાથી બંનેએ તેને રસ્તેથી હટાવવાનું ષડયંત્ર રચ્યું હતું.

ગત 18 નવેમ્બરે ગુલબાનુ અકોટા વિસ્તારની મિલન હોટલમાં તેના પ્રેમી મોહમ્મદ તૌસીફને મળવા ગઈ હતી. ત્યાં તૌસીફે તેને ઘેનની ગોળીઓ આપી અને રાત્રે દૂધમાં ભેળવીને પતિને પીવડાવવાનો પ્લાન ઘડ્યો હતો. રાત્રે ગુલબાનુએ ઈર્શાદને દૂધમાં ઘેનની ગોળી ઓગળીને પીવડાવી દીધી અને વોટ્સએપ કોલ કરીને તૌસીફને ઘરે બોલાવ્યો હતો. ત્યાર બાદ રાત્રે 1 વાગ્યે મોહમ્મદ તૌસીફ અને તેનો મામા મહેતાબ ગુલબાનુના ઘરે પહોંચ્યા હતા.

ઘેનની ગોળીની અસરથી ઈર્શાદ બેભાન હાલતમાં જમીન પર સૂતો હતો. તે સમયે ગુલબાનુએ બંને હાથથી પતિ ઈર્શાદના પગ પકડી રાખ્યા હતા અને તૌસીફે ઓશીકું મોઢા પર મૂકીને જોરતી દબાવી રાખ્યું હતું. જ્યારે મહેતાબે ગુલબાનુનો દુપટ્ટો લઈને ઈર્શાદના ગળે વીંટાળીને ખેંચ્યો હતો. તરફડિયાં મારતા ઈર્શાદનું માથું તૌસીફે જમીન પર પછાડ્યું અને તેનું મોત નિપજ્યું હતું.

હત્યા બાદ તૌસીફ અને મહેતાબ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. ગુલબાનુએ પરિવારજનોને ખોટી વાત કહી કે ઈર્શાદનું છાતીમાં દુઃખાવાથી મોત થયું છે અને તેની દફનવિધી પણ કરાવી દીધી હતી. જોકે, દફનવિધી દરમિયાન ગુલબાનુ કોઈની સાથે ફોન પર વાતો કરતી હોવાથી મૃતકના ભાઈ ઇમ્તિયાઝને શંકા ગઈ હતી.

પરિવારની પૂછપરછમાં ગુલબાનુએ સ્વીકાર કર્યો હતો કે તેણે પ્રેમીની મદદથી પતિની હત્યા કરી હતી. ત્યાર બાદ પરિવારે જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુલબાનુની ધરપકડ કરી હત્યાનો ગુનો નોંધી તેના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. જ્યારે આરોપી પ્રેમી મોહમ્મદ તૌસીફ અને તેના મામા મહેતાબ હજુ ફરાર છે. બંનેની શોધખોળ માટે જે.પી. રોડ પોલીસની બે ટીમ મુંબઈ રવાના થઈ છે.

# ઘરમાંથી 1.62 કરોડની બે બોરી નકલી નોટો-3 કિલો સોનુ મળ્યું:પાંચ કરોડની ઠગાઈનો માસ્ટર માઈન્ડ વડોદરામા પોલીસ બની ખેલ પાડ્તો; સસ્તુ સોનુ આપવાનું કહી લોકોને ફસાવતો



કર્ણાટક ખાતે રહેતા ફરિયાદીને સસ્તામાં સોનું અપાવવા તથા રૂપિયા 10 કરોડની લોન પાસ કરાવવાનું કહી ખોટા વાયદા આપીને તેની પાસેથી મહિલા સહિતની ગેંગે રૂપિયા 4.92 કરોડ પડાવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ વડોદરાના જે પી રોડ પોલીસ મથકમાં નોંધાઈ હતી. આ મામલે તપાસમાં સામે આવ્યું કે મુખ્ય સૂત્રધાર ઈલ્યાસ અજમેરી તેના ભાઈ ઈદ્રીશ અજમેરીના ઘરે તપાસ કરતા 1.62 કરોડની નકલી ચલણી નોટો અને ત્રણ કિલો નકલી સોનાના બિસ્કિટ મળી આવ્યા છે. આ કાર્યવાહીમાં લોકો સાથે મોટી છેતરપિંડી થઈ હોવાના એંધાણ છે. મુખ્ય આરોપી લોકોને નકલી પોલીસ બનીને ઠગાઈ આચરી હોવાનું હાલમાં સામે આવ્યું છે.

આ અંગે ડીસીપી ઝોન 2 મંજીતા વણઝારાએ જણાવ્યું હતું કે, ગત 21 તારીખે આ ગુનો જે પી રોડ પોલીસ મથકમાં દાખલ કરવામાં આવ્યો હતો. સમગ્ર મામલે બે વ્યક્તિઓની ધરપકડ કરી હતી જેમાં ભરત પ્રજાપતિ અને વિરલ સાકરિયા નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. આ ફરિયાદમાં ઘણા આરોપીઓ છે જેઓની તપાસ ચાલી રહી છે. આ કાર્યવાહીમાં મુખ્ય સૂત્રધાર રાજવીર પરીખ ઉર્ફે ઈલ્યાસન અજમેરીના ઘરે તપાસ કરવામાં આવી હતી. તે દરમ્યાન ગુનાને લગતો મુદ્દામાલ તેઓના ભાઈના ઘરે મુક્યા હોવાની વિગતો સામે આવી હતી. તેનો ભાઈ ઈદ્રીશ અજમેરીના ઘરે જે મુદ્દામાલ સંતાડ્યો હતો.

વધુમાં ડીસીપીએ જણાવ્યું હતું કે, આ અગાઉ પાંચ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તેની એમ.ઓમાં તે લોકોને નકલી પોલીસ તરીકેની ઓળખ આપી છેતરપિંડી આચરી હોવાની વિગતો તપાસમાં સામે આવી છે. હાલમાં તમામ તપાસ કરવામાં આવી રહી છે. અન્ય કોઈ રાજ્યમાં કઈ રીતે ઠગાઈ આચરી છે તે દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

સસ્તામા સોનું અપાવવાનું કહીને લોકો પાસેથી રૂપિયા પડાવવાનું કાવતરુ ઘડી લોકો સાથે ઠગાઈ આચરનાર સામે કર્ણાટક ખાતે રહેતી મંજુ આર રવિએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગેડા સર્કલ પાસે સિગ્નેટ હબ ઓફિસ ધરાવનાર રાજવીર તથા તેના ભાગીદારો વિશાલ બારડ તથા નયનાબેન મહિડાએ ઓછી કિંમત સોનું અપાવવાની લાલચ રૂપિયા પડાવ્યાં હતા.

ત્યારબાદ વિશાલ તથા નયના મહિડાએ લોન અપાવાનો વિશાલે ભરોસો અપાવ્યો હતો. ત્યાર રાજવીરે સસ્તુ સોનુ અપાવવાનું કહીને રૂ. 4.61 કરોડ તથા વિશાલ બારડ પોતે લોન એજન્ટ હોવાનું જણાવીને રૂપિયા 10 કરોડની લોન આપવા માટે બેન્કના મેનેજર કમિશન પેટે એડવાન્સ આપવાના જણાવી રૂ. 31 લાખ મેળવી લીધા હતાં.

આ ઉપરાંત અન્ય આરોપીઓ સાથે કર્ણાટકના મંજુ આર રવિ પાસેથી રૂ.4.92 કરોડ રૂપિયા પડાવ્યા હતા અને સસ્તામાં સોનું પણ અપાવ્યું ન હતું કે 10 કરોડની લોન પણ નહી આપીને તેમની સાથે છેતરપિંડી આચરી હતી. જેથી જે પી રોડ પોલીસ દ્વારા આરોપી વિશાલ વિનોદ બારડ, નયના મહિડા, રાજવીર પરીખ ઉર્ફે ઈલ્યાસ અજમેરી, રાજભાઈ, સુલતાન નામનો ડ્રાઈવર, વિરલ (ડોક્ટર) લાલાભાઈ, સમીરભાઈ, ગણેશ, હર્ષ શર્મા શ્રીનિવાસન નામનો ઈડીનો અધિકારી, મહારાષ્ટ્ર ટોલના પાસે કાર રોકનાર પોલીસની ઓળખ આપનાર અન્ય 19 લોકો સામે ઠગાઈની ફરિયાદ નોંધી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

# કમાટીબાગ-ગોત્રી ગાર્ડનમાં અસામાજિકોને રોકવા રજિસ્ટર રખાશે, સહેલાણીઓ-મોર્નિંગ વોકર્સે પણ નોંધ કરવી પડશે

કોર્પોરેશન ખાતે રિવ્યૂ બેઠક યોજાઈ હતી. જેમાં સ્વચ્છતા સહિતના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને કમાટીબાગ-ગોત્રી ગાર્ડનમાં સહેલાણીઓને રજિસ્ટરમાં એન્ટ્રી કરીને પ્રવેશ આપવામાં આવશે. મોર્નિંગ વોકર્સને પણ રજિસ્ટરમાં એન્ટ્રી કરીને પ્રવેશ લેવો પડશે. જેનો અમલ ટૂંક સમયમાં જ થશે. જો કે આ નિર્ણયને પગલે મુલાકાતીઓ તથા મોર્નિંગ વોકર્સ દ્વારા વિરોધ થાય તેવી શક્યતાઓ પણ સેવાઈ રહી છે. ઉપરાંત મ્યુ.કમિશનરે સિનિયર સિટિઝનો સાથે પણ બેઠક યોજી હતી. જેમાં તેમને સ્વચ્છતામાં ભાગીદાર થવા માટે કહેવામાં આવ્યું હતું.

મ્યુ.કમિશનરે યોજેલી બેઠક વિશે માહિતી આપી હતી જેમાં જણાવ્યું હતું કે સ્વચ્છતા માટે પાલિકાની સાથે નાગરીકોની જવાબદારી પણ છે. સેગ્રીગેશન પર સીસ્ટમ શરૂ કરી છે. ઈસ્ટ ઝોન અને સાઉથ ઝોનમાં નવી સીસ્ટમ શરૂ કરી છે. સોસાયટીમાં નાગરીકોને સમજાવાનું કે ભીનો અને સૂકો કચરો અલગ કરવામાં આવે.

વેસ્ટ અને નોર્થમાં પણ કામગીરી શરૂ કરાશે. પહેલા તબક્કામાં સોસાયટીના પ્રમુખોને બોલાવામાં આવ્યા હતા. ડોર ટુ ડોરમાં ખામી હોય તો તેની પણ જાણ કરે. સોસાયટીના રહીશો સોસાયટી તથા બહારના રસ્તા પર સફાઈનું ધ્યાન રાખે તેવી જવાબદારી પણ આપી છે. મેઈન રોડમાં બિલ્ડિંગના ઓનર્સને બોલાવામાં આવશે. ચા-પાન ગલ્લાવાળાને પણ સમજાવામાં આવશે. બીજા તબક્કામાં ના સાંભળે તો દંડની પ્રક્રિયા કરવામાં આવશે. ત્રીજા તબક્કામાં જાહેર પ્લોટમાં સીસીટીવી સહિત સોસાયટીના પ્રમુખેને પણ જવાબદારી સોંપવામાં આવશે. 30 લાખની વસ્તી છે જે એકલુ પાલિકા ન કરી શકે જેથી નાગરીકોએ પણ સહકાર આપે તેવી વિનંતી છે.

કમાટીબાગ-ગોત્રી ગાર્ડનમાં સહેલાણીઓને રજિસ્ટરમાં એન્ટ્રી કરીને પ્રવેશ આપવામાં આવશે કારણ કે, અસામાજિક તત્વો ઘૂસી જાય છે. બંને ગાર્ડનની નવીનકરણની કામગીરી કરવામાં આવી રહી છે. સ્ટ્રીટ વેન્ડર્સના મુદ્દે લોકોને વેચાતો ખોરાક સારો છે કે નહિ તેની તકેદારી રાખવા માટે આરોગ્ય વિભાગને કહ્યું છે. તળાવોમાં ગંદકી ના થાય તે માટે પાલિકાના તમામ સેનેટરી ઈન્સપેક્ટરોને સુચના આપવામાં આવી છે.

કોર્પોરેશન ખાતે મળેલી રીવ્યુ બેઠકમાં પાલિકા જ એક અધિકારીએ મ્યુ.કમીશ્નરની સામે અન્ય અધિકારી વિશે ટોળો મારતા અધિકારીઓમાં રોષ વ્યાપી ગયો હતો. અધિકારીએ કહ્યું હતું કે છેલ્લા 15 વર્ષથી વ્હાઈટ કોલર અધિકારીઓ કામ જ નહોતા કરતાં અને ફિલ્ડ વર્કમાં પણ ઓછા જતા હતા. તેમના નોલેજનો ઉપયોગ થતો ના હોય તેવા આશયથી આ અધિકારી બોલ્યા હોવાનો પાછળથી તેમેણે ખુલાસો કર્યો હતો. જોકે મ્યુ. કમીશ્નરની સામે ઉચ્ચ અધિકારીઓ સામેની ટીપ્પળીથી અગામી સમયમાં અધિકારીઓ વચ્ચે નવો વિવાદ સર્જાય તેવી શકયતાઓ છે.

પાણીગેટ, તાંબાકેર વાડા, સહિતની ઐતિહાસીક ઈમારત માટે કન્સલન્ટ લાવવામાં આવશે તથા ઓરીએન્ટલ ઈન્સ.સાથે એમઓયુ કરાશે. ડિસેમ્બર મહિનામાં એક હિસ્ટ્રી ફેસ્ટીવલનું પણ આયોજન કરવાનું આયોજન કરાયું છે. ફૂડ ફેસ્ટીવલનું પણ આયોજન છે.

# સરકારી નાણાંનો વ્યય:ઈંટ તૂટી જાય છે, રેતી પણ હલકી કક્ષાની.. આમ થાય છે પંચાયત ઘરની કામગીરી!



શિનોર તાલુકાના અવાખલ ગામે રૂપિયા 25 લાખના ખર્ચે પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસનું કામ શરૂ થયેલ છે. જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા તદ્દન હલકી કક્ષાની ગુણવત્તાવાળી ઈંટો, સિમેન્ટ તથા રેતી વપરાતી હોઈ લોકોમાં રોષ ફેલાયો છે. આ અંગે ગ્રામજનોએ તપાસની માંગ કરી છે.

જિલ્લા પંચાયત વડોદરાની વર્ષ 2024-25ની સ્ટેમ્પ ડ્યૂટી ગ્રાન્ટમાંથી અવાખલ તથા ટીંબરવા ગામે પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ માટે રૂા.25 લાખના ખર્ચે વહીવટી મંજૂરી 8 ઓક્ટોબર 2024ના રોજ કાર્યપાલક ઈજનેર વડોદરા દ્વારા મળેલ છે. ટીંબરવામાં બે માળનું મકાન પૂર્ણતાને આરે છે. ઝાંઝડ ગામે પણ મકાન પૂર્ણતાને આરે છે. જ્યારે અવાખલ ગામે જિલ્લા પંચાયત સદસ્યા સુમિત્રાબેન વસાવા તથા સરપંચ એકતાબેન પટેલ દ્વારા 21 ઓગસ્ટ 2025ના રોજ ખાતમુહૂર્ત કરાયું હતુ.

પરંતુ મંગળવારે સ્થળ મુલાકાત લેતાં કોન્ટ્રાક્ટર દ્વારા તદ્દન હલકી કક્ષાની ઈંટો અને રફ રેતી સાથે અપૂરતા સિમેન્ટથી કામગીરી થઈ રહી હોવાનું જોવા મળ્યું હતું. સ્થળ પર જવાબદાર કોઈ વ્યક્તિ નથી. ત્યારે જિલ્લા તથા તાલુકા પંચાયતના જવાબદાર અધિકારી તથા લાગતા વળગતા પદાધિકારી તાત્કાલિક સ્થળ પર આવીને ગુણવત્તા વગરના મટિરિયલને પરત મોકલીને, નવા મટિરિયલથી કામ શરૂ કરાવે એવી માંગ છે.

અવાખલમાં રૂપિયા 25 લાખના ખર્ચે પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસનું કામ ચાલી રહ્યું છે. જેમાં વપરાતી ઈંટો મુક્કો મારવાથી તેના ફાડિયા બની જાય તેટલી હલકી કક્ષાની છે. તો રેતી પણ સેકન્ડ ગ્રેડની છે. જ્યારે સિમેન્ટ પણ એસ્ટિમેટ મુજબ વપરાતો નથી. ત્યારે બનાવવામાં આવેલ ખાળ કૂવો તથા પ્લિન્થના પાયામાં અને પ્લિન્થ લેવલમાં આ કન્ડમ ઈંટો વપરાવાથી નવા બનનારા પંચાયત ઘરની દુર્દશા થશે એ નક્કી છે. આ રીતે સરકારી નાણાંનો કોન્ટ્રાક્ટર અને અધિકારીઓના મેળાપીપણાને કારણે વેડફાટ થઈ રહ્યો હોવાનું જણાઈ આવે છે.